# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન,
ફાયર સ્ટેશનની પાછળ, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬.
ફોન નં: ૦૭૯ ૨૩૨૮૪૧૫૦
Email: gmc8gandhinagar@gmail.com

ક્રમાંક : ગાં.મ.ન.પા/હા.સે/ફા.નં- / ૧૨૩૦૩ /૨૦૨૪ તા. ૨૭/૦૫/૨૦૨૪

વંચાણે લીધું :

(૧) Right of Persons with Disabilities Act, 2016.
(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ Writ Petition No. 46/2023 (National Federation of the Blind v/s State of Gujarat (Through Social Justice And Empowerment Department) (Right of Persons with Disabilities Act. 2016ની અમલવારી કરવા સંદર્ભે)
(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પત્ર ક્રમાંક : UDUHD/MSM/e-file/18/2024/3331/S, તા.૨૧/૦૫/૨૦૨૪.

## : પરિપત્ર :

કોર્ટ ઓફ કમિશ્નર(દિવ્યાંગ વ્યક્તિઓ માટેના)ની કચેરી, ગાંધીનગર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળની તમામ ખાતાના વડા/ક્ષેત્રિય કચેરીઓ/જાહેર સાહસો/સરકારી કંપનીઓ વિગેરેમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪% અનામતનો અમલ કરવા માટે સમન્સ/નોટીસ મોકલી આપવામાં આવેલ તથા તા.૧૭.૦૫.૨૦૨૪ ના રોજ સદર બાબતે સુનવણી રાખવામાં આવેલ.

સદર સુનાવણીમાં કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાની કચેરીને રાજ્યની તમામ કચેરીઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪% અનામતનું અમલીકરણ યોગ્ય રીતે થતું ન હોવાની બાબત ધ્યાને આવેલ છે. જેની કમિશ્નરશ્રી દ્વારા ગંભીર નોંધ લઈને નારાજગી વ્યકત કરવામાં આવેલ છે. સદરહુ બાબતે સુનાવણીમાં કમિશ્નરશ્રી દ્વારા મૌખિક સૂચના આપવામાં આવેલ છે તથા જે અન્વયે કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. જેમાં મુદ્દા નંબર (૨)ના પેટા નં(૪) Right of Persons with Disabilities Act, 2016ની કલમ-૩૭ માં વિભાગ હેઠળ ચાલતી યોજનાઓમાં દિવ્યાંગો માટે ૫% રીઝર્વેશન રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

37. Special schemes and development programmes. The appropriate Government and the local authorities shall, by notification, make schemes in favour of persons with benchmark disabilities, to provide,-
(a) five percent, reservation in allotment of agricultural land and housing in all relevant schemes and development programmes, with appropriate priority to women with benchmark disabilities,
(b) five percent, reservation in all poverty alleviation and various developmental schemes with priority to women with benchmark disabilities,
(c) five percent, reservation in allotment of land on concessional rate, where such land is to be used for the purpose of promoting housing, shelter, setting up of occupation, business, enterprise, recreation centres and production centres.

સબબ, આગામી સમયમાં અત્રેની મહાનગરપાલિકાની તમામ આવાસ યોજનાઓમાં ઉપરોક્ત અધિનિયમની જોગવાઈ મુજબ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જે.એન.વાઘેલા(આઇ.એ.એસ)
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) સીટી ઇજનેરશ્રી, ઇજનેર શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા.
(૨) ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા.
(૩) નોડલ ઓફિસરશ્રી, હાઉસીંગ સેલ, ગાંધીનગર મહાનગરપાલિકા.
(૪) એસ્ટેટ અધિકારીશ્રી, એસ્ટેટ શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા.
(૫) સંબંધિત તમામ અધિકારીશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા.
(૬) નોટીસબોર્ડ/વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.